માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૯ | ૬ ડીસેમ્બર, ૨૦૨૦, રવિવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતો અને સરકાર વચ્ચે મડાગાંઠ યથાવત

**ખેડૂતો કૃષિ કાયદો રદ કરવાની માગ ઉપર અડગ : વાટાઘાટ પડી ભાંગી : ખેડૂત આંદોલનનો દસમો દિવસઃ સરકાર સાથે બેઠકનો પાંચમો રાઉન્ડ**

**સરકારે કેટલાક કાયદામાં ફેરફારની તૈયારી બતાવી હોવા છતાં ખેડૂતો ટસના મસ ન થયા, હવે વાટાઘાટનો છઠ્ઠો રાઉન્ડ નવમી ડિસેમ્બરના રોજ યોજાશે**

નવી દિલ્હી, તા. ૫

સતત દસમા દિવસે પણ ખેડૂતોનું કૃષિ કાયદા વિરૂધ્ધનં આંદોલન જારી રહ્યું છે. આજે સરકાર સાથેની પાંચમાં રાઉન્ડની વાતચીત પણ નિષ્ફળ રહી હતી. સરકારે કાયદાની કેટલિક જોગવાઈઓમાં ફેરફારની તૈયારી બતાવી હોવા છતાં ખેડૂતો ત્રણેય કાયદા રદ કરવાની તેમની માગણીને વળગી રહ્યા હતા અને આજે ખેડૂત નેતાઓએ વધુ વાત કરવાનો ઈનકાર કરતા આ મુદ્દે નિર્ણય લેવા સરકારને ચેતવણી





આપી હતી. ખેડૂત નેતાઓએ સાડા ચાર કલાક જેટલી ચાલેલી બેઠકમાં સરકારે કાયદો રદ કરવા અંગે હા કે નામાં જવાબ આપવા જણાવતા કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે તેમના બે વરિષ્ઠ અધિકારીઓની સાથે અલગ જઈને વાતચીત કરી હતી પરંતુ સમસ્યાનું કોઈ સમાધાન લાવી શકાયું નહતુ. હવે વાટાઘાટનો છઠ્ઠો રાઉન્ડ નવમી ડિસેમ્બરે યોજાશે.

દરમિયાન કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનો આજે ૧૦મો દિવસ હતો. ખેડૂતોની સરકાર સાથે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયેલી બેઠકમાં ૪૦ ખેડૂત સામેલ હતા. સરકાર તરફથી કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર, રેલવેમંત્રી પીયૂષ ગોયલ અને વાણિજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશ ખેડૂતો સાથે વાત કરી હતી. મીટિંગ પહેલાં ખેડૂતોએ એકવાર ફરી કહ્યું હતું કે કૃષિ કાયદામાં ફેરફારથી કામ નહીં ચાલે, સરકારે ત્રણેય કાયદા પાછા લેવા જોઈએ. ન્યૂઝ એજન્સીનાં સૂત્રોના જણાવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-કેનેડાના સબંધો વણસ્યા, વિદેશ મંત્રી જયશંકરનો કેનેડા પ્રવાસ રદ

ન્યુ દિલ્હી,તા.૫

ખેડૂત આંદોલનના કારણે ભારત અને કેનેડા વચ્ચે રાજનાયિક તણાવ વધી રહ્યો છે. વિદેશ મંત્રી એસ જયશંકરના એક નિર્ણય બાદ હવે સંકટ વધવાના અણસાર છે. વિદેશ મંત્રીએ એ રણનીતિક મીટિંગાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે જે કોવિડ-૧૯ સાથે જોડાયેલી છે અને જેની આગેવાની કેનેડા કરી રહ્યુ છે. તમને જણાવી દઈએ કે ભારત કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રુડોની એ ટિપ્પણીથી ખાસ્સા નારાજ છે જે ખેડૂત આંદોલન સાથે જોડાયેલી છે.

સૂત્રો તરફથી જણાવવામાં આવ્યુ છે કે ભારતે કેનેડાને એ વાતની માહિતી આપી દીધી છે કે જયશંકર ૭ ડિસેમ્બરે યોજાનાર મીટિંગમાં શામેલ નહિ થાય.

## હવે મહામારીના અંતની કલ્પના શક્ય છે: ડબલ્યુએચઓ

**કોરોનાની વેક્સિનના સકારાત્મક પરિણામો આવ્યા : સંસ્થાના વડા ટેડ્રોસની અમીર તેમજ શક્તિશાળી દેશોએ કોરોના વાયરસ વેક્સિનના આ નાસભાગમાં ગરીબ અને નબળા દેશોને ન કચડવા અનુરોધ**

સંયુક્ત રાષ્ટ્ર, તા. ૫

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)એ શુક્રવારે જાહેરાત કરી હતી કે, કોરોના વાયરસ વકેસિનની ટ્રાયલના સકારાત્મક પરિણામોનો અર્થ એ છે કે, દુનિયા હવે 'રોગચાળાના અંતની કલ્પના કરી શકે છે'. જો કે, તેમણે એમ પણ કહ્યું કે, અમીર અને શક્તિશાળી દેશોએ કોરોના વાયરસ રસીના આ નાસભાગમાં ગરીબ અને નબળા દેશોને કચડી ના નાખવા જોઈએ.

ડબ્લ્યુએચઓનાં ચીફ ટેડ્રોસ અધાનામે ચેતવણી આપી હતી કે, વાયરસને રોકી શકાય છે, પરંતુ માર્ગ હજી પણ જોખમથી ભરેલો છે. તેમણે કહ્યું કે, કોરોના વાયરસ રોગચાળાએ માનવતાને તેની શ્રેષ્ઠ અને સૌથી ખરાબ બાબત બતાવી છે. તેમનો ઈશારો ત્યાગ અને બલિદાન, વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રમાં અણધારી સફળતા અને સ્વ હિત, એકબીજા પર આરોપો અને મતભેદો વિશે હતો. આ સમયે કોરોના વાયરસથી થતાં મૃત્યુ અને ચેપ તરફ ધ્યાન દોરતા ટેડ્રોસે દેશનું નામ લીધા વિના કહ્યું કે, આ બધા વચ્ચે વાયરસ છે અને ફેલાઈ રહ્યો છે. ડબ્લ્યુએચઓ વડાએ વર્ચુઅલ મિટિંગમાં ચેતવણી આપી હતી કે, રસી તેના મૂળમાં રહેલી અતિસંવેદનશીલતાને ઘટાડશે નહીં. તેમણે કહ્યું કે, જ્યારે રોગચાળો સમાપ્ત થાય ત્યારે આપણે ગરીબી, ભૂખ, અસમાનતા અને હવામાન પરિવર્તન જેવા મુદ્દાઓ સાથે કામ કરવું પડશે. ડબ્લ્યુએચઓ વડાએ જણાવ્યું હતું કે, ટનલની પેલી બાજુ પ્રકાશની એક કિરણ ઝડપથી નીકળી રહી છે, પરંતુ વૈશ્વિક જનતાના ફાયદા માટે કોરોના વાયરસની રસી ચોક્કસપણે સમાન વહેંચી દેવી જોઈએ, ખાનગી ઉત્પાદન તરીકે નહીં. અન્યથા તે અસમાનતામાં વધારો કરશે અને તે લોકોના પાછળ રહેવાનું વધુ એક કારણ બનશે.

## છેલ્લે... છેલ્લે...

- મધ્યપ્રદેશમાં ધો. ૧ થી ૮ના વર્ગો હવે ૧લી એપ્રિલ, ૨૦૨૧થી જ શરૂ કરાશે.
- અયોધ્યા રામ મંદિરમાં રામલલ્લાને આજીવન વીરપુરના જલારામ મંદિર દ્વારા થાળ ધરાવાશે.
- સોમનાથ મંદિરમાં દર્શનાર્થીઓ માટે પ્રવેશ બંધ હોવાથી દરવાજા પર દર્શન માટે ૧૨ ફૂટ ઉંચા ત્રણ સ્ક્રીન લગાવાયા.
- દાદરાનગર હવેલીના વહીવટદાર પ્રફુલ્લ પટેલને લક્ષદ્વીપના ઉપ રાજ્યપાલનો વધારાનો હવાલો સોંપાયો.
- કોરોનાની વેક્સીનનો ડોઝ લેનાર હરિયાણાના કૃષિમંત્રી અનિલ વીજ કોરોનાથી સંક્રમિત થયા.
- દમણમાં સાતમીથી ટેકનીકલ સંસ્થાઓ શરૂ કરાશે.
- અમદાવાદ પોલીસના ૧૦૦ પોલીસ કર્મીઓ કોરોનાથી સંક્રમિત.
- બ્રિટનના ૩૬ સંસદ સભ્યોએ ભારતના ખેડૂતોના આંદોલનને ટેકો આપ્યો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૦મીએ નવા સંસદભવનનો શીલાન્યાસ કરશે.
- મુંબઈ મીરર હવે સાપ્તાહિક સ્વરૂપે પ્રસિદ્ધ થશે જ્યારે પુણે મીરર સંપૂર્ણપણે બંધ કરાયું.
- રાજકોટમાં બે પત્રકાર અને ફોટોગ્રાફરની પોલીસે ધરપકડ કરી.
- ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ જી.આર. ઉધવાણીનુ કોરોનાની સારવાર દરમ્યાન નિધન.
- હૈદ્રાબાદમાં ઓવૈસીની પાર્ટીના પાંચ હિન્દુ ઉમેદવારો પૈકી ૩ જીત્યા
- એર ઈન્ડિયાને બચાવવા તેના કર્મીઓ એરલાઈન્સમાં ભાગ ખરીદશે

## હરિયાણાના આરોગ્યમંત્રીને રસીના ડોઝ બાદ ચેપ લાગ્યો

**કોરોના સામેની વેક્સિનની સફળતા પર તર્ક વિતર્ક : અનિલ વિજે ૨૦ નવેમ્બરે કોવેક્સિનના ત્રીજા તબક્કાના ટ્રાયલની શરૂઆતમાં વોલેયેન્ટર તરીકે ભાગ લીધો હતો**

ચંદીગઢ, તા. ૫

દેશભરમાં હાલ મેડ ઈન ઈન્ડિયા એવી ભારત બાયોકેટ નિર્મિત કોવેક્સિનની ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે, ત્યારે તેનો ડોઝ લેનારા હરિયાણાના



આરોગ્ય મંત્રી અનિલ વિજને કોરોના વાયરસનો ચેપ લાગતા અનેક તર્કવિતર્ક શરુ થઈ ગયા છે. વિજે પોતે ટ્વીટ કરીને તેમને કોરોનાનો ચેપ લાગ્યો હોવાની જાણકારી આપી છે.

હાલ અનિલ વિજ અંબાલા કેન્ટની સિવિલ હોસ્પિટલમાં એડમિટ થયા છે. ૨૦ નવેમ્બરના રોજ તેમણે કોવેક્સિનના ત્રીજા તબક્કાના ટ્રાયલની શરુઆતમાં વોલેન્ટિયર તરીકે તેમાં ભાગ લીધો હતો, અને કેમેરાની સામે જ રસીનો ડોઝ તેમને આપવામાં આવ્યો હતો. કોરોનાની રસીની ટ્રાયલ દરમિયાન તેનો ડોઝ લીધા બાદ આ વાયરસનો કોઈને ચેપ લાગ્યો હોય તેવી કોઈ ઘટના હજુ સુધી બહાર નથી આવી. હાલ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં પણ આ રસીના ડોઝ ત્રીજા તબક્કાના પરિક્ષણ હેઠળ અપાઈ રહ્યા છે. જોકે, હરિયાણાની માફક ગુજરાતમાં કોઈ નેતાએ આ ટ્રાયલમાં ભાગ નથી લીધો.

### રસી બે ડોઝ બાદ જ પ્રભાવકારી સાબિત થાય છેઃ બાયોટેક

ભારત બાયોટેક તરફથી નિવેદન સામે આવ્યુ છે જેમાં તેમણે આરોગ્ય મંત્રી અનિલ વિજને રસી લગાવવા છતાં કોરોના સંક્રમિત થવાનુ કારણ જણાવ્યુ છે. કોવેક્સીનની ક્લીનિકલ ટ્રાયલ ડોઝ લેનાર હરિયાણાના આરોગ્ય મંત્રીના કોરોના હોવા પર ભારત બાયોટેકે સફાઈ આપીને કહ્યુ કે કોવેક્સિન વેક્સીન ૨ ડોઝ બાદ જ પ્રભાવકારી હોય છે. માનવ શરીરમાં આ કોરોના વાયરસ સામે રસીકરણના ૧૪ દિવસો બાદ અસર દેખાય છે. કોવેક્સિનને બે ડોઝ બાદ અસર દેખાવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. ભારત બાયોટેકે આગળ જણાવ્યુ કે ત્રીજા ફેઝની ટ્રાયલ રેંડમ છે. આમાં શામેલ ૫૦ ટકા લોકોને પ્લાસીબો(દવાના ભ્રમમાં કોઈ સામાન્ય પદાર્થ) અને ૫૦ ટકા લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં આવ્યો છે.

## ભારતમાં ચાલતા ખેડૂત આંદોલન મુદ્દે યુએનએ દખલીગીરી કરી

**ખેડૂતોને શાંતિ સાથે પ્રદર્શન કરવાનો અધિકાર : યુએન મહાસચિવના પ્રવક્તા**



યુએન,તા.૫

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં લાવેલા નવા કૃષિ કાયદાઓ સામે ચાલી રહેલા ખેડૂતો આંદોલનની ચર્ચા કેનેડા, બ્રિટન પછી સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં પણ થવા લાગી છે. ભારત તરફથી આંતરિક મુદો હોવા પર વિદેશી નેતાઓને દખલગીરી ન કરવાની સલાહ આપ્યા બાદ પણ કેનેડાના વડાપ્રધાને નિવેદન આપ્યુ હતું, જે પછી બ્રિટનના કેટલાક સાંસદોએ તેમની સરકારને દખલ દેવા માટે માંગ કરી હતી, પરંતુ હવે સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્તોનિયો ગુતારેસના પ્રવક્તાએ પણ નિવેદન આપ્યું હતું કે ખેડૂતોને શાંતિથી પ્રદર્શન કરવાનો અધિકાર છે અને તેમને આંદોલન કરવા દેવુ જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવના પ્રવક્તા સ્ટેફને ડુજારિકે શુક્રવારે નિવદેન આપ્યુ હતું કે, લોકોને શાંતિ સાથે પ્રદર્શન કરવાનો અધિકાર છે અને સત્તા તેઓને પ્રદર્શન કરવા દે.

ભારત સરકાર તરફથી આ મુદ્દે સ્પષ્ટ રીતે ખુલાસો કરવામાં આવ્યો હતો કે આ ભારતનો આંતરિક મુદો છે અને કેટલાક વિદેશી નેતા અણસમજ ભર્યા અને બિનજરુરી નિવેદન આપી રહ્યા છે. ભારતે કેનેડાને સ્પષ્ટતા સાથે કહ્યુ હતું કે આવુ જ રહ્યુ તો બંને દેશોના સંબંધો ખરાબ થશે. જોકે કેનેડાના પીએમ એ ભારતની સલાહની અવગણના કરતાં કહ્યુ હતું કે તેમનો દેશ શાંતિપૂર્ણ આંદોલનના અધિકારને સમર્થન આપે છે.

ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન દરમિયાન બ્રિટનમાં પણ કેટલાક સાંસદોએ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ મુદ્દે ચર્ચા કરવાની માંગ કરી હતી. બ્રિટનમાં ભારતીય મૂળ અને પંજાબ સાથે સંકળાયેલા ૩૬ સાંસદોએ આ મુદો ઉઠાવ્યો હતો.

## આર્જેન્ટિનામાં ધનિક લોકો પર કોરોના ટેક્સને સંસદની મંજૂરી

**મહમારીના પ્રકોપને રોકવા કરાયેલા ઉપાયોના ખર્ચને પહોંચી વળવા માટે દેશ દ્વારા ધનિકો પર ટેક્સ લગાવાયો**

આર્જેન્ટીના, તા. ૫

આર્જેન્ટિના સરકારે કોરોના વાયરસના પ્રકોપને રોકવા માટે કરવામાં આવેલા પ્રયાસોના ફંડિગ માટે અમીરો પર ટેક્સ લગાવ્યો છે. આ નિર્ણયથી દેશના ૧૨,૦૦૦ ધનિકોને અસર થશે. દેશના સંસદે આ નિર્ણયને મંજૂરી પણ મળી ગઈ છે. મિલિયનર ટેક્સમાંથી મળનારી રકમનો ઉપયોગ કોરોના વાયરસ સામેની જંગમાં થશે. જેમાં મેડિકલ સપ્લાય અને ગરીબો તેમજ નાના વેપારીઓને આપવામાં આવેલી રાહતનો પણ સમાવેશ થાય છે.

આ ટેક્સ સંબંધિત બિલ પર સેનેટમાં થયેલી ચર્ચાનું યૂટ્યૂબ પર લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. લાંબા સમય સુધી તીખી ચર્ચા બાદ ૪૨ સાંસદોએ આ બિલના પક્ષમાં અને ૨૬ સાંસદોએ વિરોધમાં મત આપ્યા હતા. આ ટેકસથી રાષ્ટપ્રમુખ અલ્બર્ટો ફર્નાન્ડિઝની સરકારને ૩૦૦ બિલિયન પેસો (૩.૭૫ અબજ ડોલર) મળશે તેવી આશા છે. ચેમ્બર ઓફ ડેપ્યુટીઝે અગાઉ જ આ બિલને ૧૧૫ની તુલનાએ ૧૩૩ મતથી મંજૂરી આપી દીધી હતી.

આર્જેન્ટિનાની ૪.૪ કરોડની વસ્તી કોરોના વાયરસથી ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. જોન હોપકિંસ યુનિવર્સિટીના આંકડા પ્રમાણે, દેશમાં કોરોનાના ૧૪ લાખથી વધુ કેસ સામે આવ્યા છે અને ૩૯,૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. મહામારીના કારણે દેશમાં બેરોજગારોની સંખ્યા અને ગરીબીનો દર વધ્યો છે.

## દેશમાં કોરોનાના કુલ કેસ ૯૬ લાખને પાર

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં કોરોનાની સ્થિતિમાં ધીરે-ધીરે સુધાર થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૬ હજાર નવા કેસ સામે આવ્યા છે. આમ દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૯૬ લાખને પાર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા આંકડા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬,૬૫૨ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૫૧૨ લોકોના મૃત્યુ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશમાં અત્યાર સુધી કોરોનાના ૯૬ લાખ ૮ હજાર ૨૧૧ કેસ સામે આવી ચુક્યા છે. દેશમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.